ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.ના એપ્રેન્ટીસોએ પોતાને થઈ રહેલા અન્યાય બાબતે ગાંધીનગરના ડૉ. આંબેડકર હૉલ ખાતે સમૂહ બેઠકનું આયોજન કર્યું હતું અને સમસ્યાઓની ચર્ચા કરી આગામી કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરી હતી. (તસવીર : દિપક જાની)

ચલણ ભરવાની પ્રક્રીયામાં અવ્યવસ્થા

પોસ્ટના ઓફિસરને ધક્કે ચઢાવાયા

વન વિભાગની ભરતી પરીક્ષા સંદર્ભે ચલણ ભરવા આવેલા ઉમેદવારોને હાલાકી : પોલીસ બોલાવાની ફરજ પડી

ગાંધીનગર, તા.૧૦

વન વિભાગની ભરતી પરીક્ષા સંદર્ભે શહેરની મુખ્ય પોસ્ટ કચેરીમાં ફોર્મનું ચલણ ભરવા ગયેલા ઉમેદવારોએ વ્યવસ્થા ખોરવાતા હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન પોસ્ટના ઓફિસરને પણ ધક્કે ચઢાવાતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. આખરી દિવસે બપોર બાદ પોસ્ટ કચેરીએ ચલણ સ્વીકારવાની કાર્યવાહી બંધ કરી દેવાતા પરીક્ષાના ઉમેદવારો આગ બબૂલા બન્યા હતા.

વન વિભાગ દ્વારા બીટ ગાર્ડ સહિતની ભરતીને અનુલક્ષી આગામી દિવસોમાં લેખિત પરીક્ષા યોજવામાં આવનાર છે જયારે આ પરીક્ષાને અનુલક્ષી ઉમેદવારો પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડૂબ છે. આવા સંજોગોમાં આજે ફોર્મનું ચલણ ભરવા નગરની સે-૧૧ સ્થિત મુખ્ય પોસ્ટ કચેરીમાં ઉમેદવારોની ભારે ભીડ જામી હતી. સાથે પોસ્ટ કચેરીમાં પણ આ પ્રક્રિયા મંદગતિએ ચાલતી હોવાથી ઘણા ખરા ઉમેદવારો ચલણ ભરવાનું બાકી હતું. આ વેળાએ બપોરે ૩ વાગ્યા બાદ પોસ્ટ કચેરી દ્વારા કાર્યવાહી બંધ કરી દેવાતા પરીક્ષાર્થીઓ રોષે ભરાયા હતા. પરીક્ષા ટાણે સમય કાઢી જરૂરી કામ અર્થે આવેલા ઉમેદવારોની હાલત કફોડી થઈ હતી. આ વેળાએ પોસ્ટ ઓફિસરે દરમિયાનગીરી કરતા તેમને પણ ધક્કે ચઢાવાયા હતા. ઉમેદવારોએ હોબાળો મચાવતા આખરે આ મામલે પોસ્ટના ઓફિસરે પોલીસને બોલાવી હતી. આ તબક્કે ચલણ ભરવાનો સમય લંબાવવા પણ પ્રબળ માંગ કરવામાં આવી હતી.

પતિ અને તેની મહિલા પીએસઆઈ પ્રેમીકા વિરૂદ્ધ પત્નિની ફરીયાદ

છુટાછેડા લેવડાવવા બંને દ્વારા ત્રાસ અપાતો હતો : સત્તાનો ઉપયોગ કરી ખોટા કેસમાં ફસાવી દેવાની પીએસઆઈએ આપી ધમકી

ગાંધીનગર, તા. ૧૦

કોલવડા ગામમાં રહેતી પરિણીતાને તેના પતિને છુટાછેડાનાં કાગળ પર સહી કરી દેવા ધાકધમકી આપીને મારઝુડ કરનાર નરોડાની મહિલા પ્રોબેશનલ પી.એસ.આઈ. એ તેણીના પ્રેમી એટલે કે પરિણીતાના પતિ સાથે મળીને બન્ને દ્વારા શારીરિક-માનસીક ત્રાસ અપાતો હોવાની પેથાપુર પોલીસમથકે ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ બન્નેના ત્રાસથી કંટાળી જઈને આપઘાત કરી લેવાની ચિમકી પણ ઉચ્ચારી છે. પેથાપુર પોલીસે પરિણીતા સ્વીટીબેનની ફરીયાદને આધારે તેણીના પતિ તથા પતિની પ્રેમીકા મહિલા પીએસઆઈ વિરૂદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં રહેતી પરિણીતા સ્વીટીબેન મયુરસિંહ વાઘેલાના લગ્ન મયુરસિંહ સાથે ૧૪ ફએબ્રુઆરી વેલેન્ટાઈન ડે ના દિને થયા હતા. સ્વીટીબેને પેથાપુર પોલીસમથકે આપેલી ફરીયાદ મુજબ તેમના પતિ મયુરસિંહ અને નરોડા ખાતે રહેતી શિલ્પાબેન ચૌધરી પી.એસ.આઈ.ની પરીક્ષા પહેલા સાથે તૈયારીઓ કરતા હતા. તે દરમ્યાન તેમની વચ્ચે પ્રેમ સંબંધો બંધાઈ ગયા હતા. દરમ્યાન સ્વીટીબેન સાથે મયુરસિંહના લગ્ન થઈ ગયા. મયુરસિંહ પી.એસ.આઈ.ની નાપાસ થયા પરંતુ શિલ્પા ચૌધરી પી.એસ.આઈ. થઈ ગયા હતા. હાલ તે નરોડામાં પ્રોબેશનલ મહિલા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવી રહ્યા છે. મયુરસિંહને મહિલા પીએસઆઈ સાથે સંબંધો હોવાથી પત્નિ સ્વિટીની સાથે અવારનવાર મારઝુડ કરીને શારીરિક માનસિક ત્રાસ અપાતો હતો. દરમ્યાન થોડા દિવસો અગાઉ મયુરસિંહ ઘરેથી કોઈને કંઈ કહ્યા વિના ચાલ્યા જતાં ગુમ થયાની જાણવા જોગ અરજી પણ નોંધાઈ હતી. મયુરસિંહ તેની પત્નિ સ્વિટીને છુટાછેડા આપી દેવાનું વારંવાર કરીને શિલ્પા (મહિલા પીએસઆઈ) સાથે લગ્ન કરવાનું કહેતા રહેતા હતા. ત્યારબાદ ૨૦૧૧ના નવેમ્બર માસમાં મહિલા પીએસઆઈ ઘરે આવી હતી અને છુટાછેડાના કાગળ પર સહી કરવા ધમકી આપીને મારઝુડ કરી હોવાનું ફરીયાદમાં સ્વિટીબેને જણાવ્યું છે. તે ઉપરાંત અઠવાડિયા અગાઉ પણ મહિલા પીએસઆઈ પ્રેમીની પત્નિ પાસે પહોંચી ગઈ હતી અને જો છુટાછેડા નહી આપે તો મારી પી.એસ.આઈ. તરીકેની સત્તાનો ઉપયોગ કરીને તારા પિતા અને બન્ને ભાઈઓને ખોટા કેસમાં ફસાવી દઈશ. તેમ ધમકી આપી હતી. બન્ને દ્વારા ઈરાદાપૂર્વક ત્રાસ અપાતો હોવાની સ્વીટીની ફરીયાદને આધારે પેથાપુર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.ડી. ગોહીલે મહિલા પી.એસ.આઈ. સહિત બન્ને વિરૂદ્ધ ત્રાસનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

રાંધેજામાં બંધ મકાનનું તાળું તોડીને બે લાખની ઘરફોડ ચોરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીકના રાંધેજા ગામમાં સ્થિત સિદ્ધેશ્વરી હોમ્સમાં રહેતુ પરિવાર શનિવારે બહારગામ ગયું તે રાત્રી દરમ્યાન તેમના મકાનનું તાળુ તોડી તસ્કરો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે બે લાખની મત્તાની ઘરફોડ કરી ગયા હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. તે ઉપરાંત ગત રાત્રીએ પણ પેથાપુર ગામની એક સોસાયટીમાં ઘરફોડ થવા પામી હતી. જો કે આ બન્ને કિસ્સાઓમાં કોઈ કારણોસર પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

રાંધેજાના સિદ્ધેશ્વરી હોમ્સમાં રહેતા ધર્મેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ સુખડીયા તેમના પરિવાર સાથે શનિવારે સાંજે વિજાપુર ગયા હતા. રવિવારે સવારે આઠેક વાગ્યાના અરસામાં તેમના પાડોશીનો ફોન આવ્યો કે મકાનનો દરવાજો ખુલ્લો છે. ઘરે તાત્કાલિક આવી પહોંચીને જોયું તો તસ્કરો તેમના મકાનમાં કળા કરી ગયા હતા. રાત્રી દરમ્યાન તેમના બંધ મકાનનું તાળુ તોડીને અંદર ઘુસી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળીને રૂ. ૨ લાખની મત્તા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ કરતા પેથાપુર પોલીસ સ્થળ પર આવી પહોંચી હતી અને કાગળ પર નોંધ કરી પરંતુ ગુનો દાખલ કર્યો ન હતો. ચોરોને પકડી પાડવાનું ફરીયાદીને આશ્વાસન આપી ફરીયાદ ટાળવામાં આવી હતી તો બીજી તરફ પેથાપુર ગામની એક સોસાયટીમાં એક ઘરફોડ ચોરીનો બનાવ ગત રાત્રી દરમ્યાન બનવા પામ્યુ હોત જો કે આ કિસ્સામાં પણ હજુ સુધી ફરીયાદ નોંધાવા પામી નથી.

આજે કોલવડામાં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે રાજપૂત રામજી મંદિર અને નિલકંઠ મહાદેવ મંદિર ખાતે રામકથા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રામકથા મહોત્સવ અંતર્ગત કાન્તિભાઈ 'યોગી'ની વ્યાસપીઠે રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ આજે તા. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૨ને મંગળવારે રાત્રે ૯ કલાકે યોજાશે. સર્વેભાવિક ભકતોને સુંદરકાંડના સંગીતમય પાઠનો લાભ લેવા શ્રી સુંદરકાંડ જ્ઞાનયજ્ઞ પરિવારે ખાસ અનુરોધ કર્યો છે.

પોર ગામે રામદેવ પીરનો મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના પોર ગ્રામ પંચાયતના સરપંચ લીલાબેન ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના પોર ગામે રામદેવપીરના પૌરાણિક મંદિરે દર વર્ષે ભાદરવા વદ નોમના દિવસે રામદેવ પીરનો મેળો ભરાય છે. આ વર્ષે પણ રામદેવપીરના પૌરાણિક મંદિરે તા. ૨૪મી સપ્ટેમ્બર-૧૨ને સોમવારના રોજ મેળો ભરાશે તથા નેજા ચઢાવવામાં આવશે. ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા સરપંચ, તાલુકા સદસ્ય બાબુજી ઠાકોરે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

મનસુખ પંચાલ કુન્દન આજે મૌન ઉપવાસ કરશે

ગાંધીનગર, તા. ૧૦

શ્રી અરવિંદશ્રી માતાજી અને વિવેકાનંદ મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલના વિચારો મુજબનું ભારત ગુજરાત બની રહે તેવી પ્રાર્થના સાથએ શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ગાંધીનગરમાં સ્વાતંત્ર્ય સેનાની અને પૂર્વ તંત્રી, ઑલ ઈન્ડિયા સાયકલ પ્રવાસન મનસુખ પંચાલ, કુન્દન તા. ૧૧મી સપ્ટેમ્બરે એક દિવસ મૌનવ્રત રાખી ઉપવાસ સવારના ૮ થી ૮.૩૦ વાગ્યા સુધી બેસવાના છે.

ભાજપના કાર્યકરોએ પાકીટ ચોર શખ્સોને શોધી કાઢ્યા !

ગાંધીનગર, તા. ૧૦

સે. ૧૭ ટાઉનહોલ ખાતે યોજાયેલ ભાજપના વિજય વિશ્વાસ સંમેલનમાં ઘુસી ગયેલા છારા ગૈંગના પાકીટચોર શખ્સોને પક્ષના કાર્યકર્તાઓની નજરમાં ઝડપાઈ ગયા હતા. જાહેર સ્થળોએ હાથફેરો કરી લેતા ગઠીયાઓ રાજકીય કાર્યક્રમોમાં ભીડમાં તક શોધતા ફરતા હોવાનું ધ્યાને આવતા રાજકીય કાર્યકરો પણ આ મામલે સાવધ થઈ ગયા છે !!

ગુજરાત પ્રદેશ ભાજપના યુવા મોરચા દ્વારા ટાઉનહોલ ખાતે વિજય વિશ્વાસ સંમેલન યોજવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ઉપસ્થિત રહેવાના હોવાથી વિવિધ સ્કવોર્ડ સહિત ચુસ્ત સિકયુરીટી બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. પરંતુ રાજકીય કાર્યક્રમોમાં થતી ભીડમાં હાથફેરો કરવા છેલ્લા કેટલાક સમયથી ગઠીયાઓ સક્રીય થયા હોવાનું ધ્યાને રાખી શહેર ભાજપના કાર્યકર્તાઓએ ખીચોખીચ ભરાયેલા ટાઉનહોલમાં કેટલાક અજાણ્યા ઈસમોની પૂછતાછ કરી હતી. આ વેળાએ છારા જ્ઞાતિના ૧૧ જેટલા ઈસમો હોલમાં ઘુસી ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. શહેર ભાજપના મંત્રી કનુભાઈ દેસાઈ, અશોક મકવાણા તેમજ યુવા મોરચાના ઉપપ્રમુખ પ્રિયાંક ગજજરે હાથફેરો કરવાની વૃત્તિ સાથે આવેલા આવા ઈસમોને સોધી કાઢ્યા હતા. ત્યારબાદ આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

ગાંધીનગર અંબાજી પદયાત્રા સંઘ ૨૦મીએ અંબાજી જવા પ્રયાણ કરશે

ગાંધીનગર, તા. ૧૦

જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા સંચાલિત ગાંધીનગર અંબાજી પદયાત્રા સંઘ ૨૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ અંબાજી જવા પ્રયાણ કરશે.

અંબાજી પદયાત્રા સંઘ છેલ્લા ૨૩ વર્ષથી ગાંધીનગરથી અંબાજી પદયાત્રાનું આયોજન કરે છે. આ ૨૪મા વર્ષ પણ પદયાત્રાનો પ્રારંભ શ્રીફળના અમી છાંટણાથી કરાવવામાં આવશે. ૨૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ને ગુરૂવારે સવારે ૮.૩૦ કલાકે સેક્ટર-૧૩-બી, શક્તિચોકમાં જગદંબાની ભક્તિ વંદના સાથે પદયાત્રાનું પ્રસ્થાન થશે. જે દેવીપુરા, વિસનગર ઉમતા, ડભોડા, શાહપુરા, અડેરણ, દાંતા થઈ અંબાજીમાં ૨૫મીએ પહોંચી રાત્રિ રોકાણ કરશે. ૨૬મીએ ધ્વજાર્પણ અને ઉજાણી પછી સંઘ પરત ફરશે. એમ જય અંબે પરિવારના પ્રમુખ લલિત પટેલે જણાવ્યું છે.

'નમો મહાવીર' ગુજરાતી ફિલ્મ નરેન્દ્ર મોદી વિષયક નથી, હો..!!!

ગાંધીનગર, તા. ૧૦

જે.ડી. ફિલ્મ ક્રિએશનના બેનર તળે હાલમાં ગુજરાતી ફિલ્મ 'નમો મહાવીર' તૈયાર થઈ રહી છે. નિર્માતા દિપક શાહ અને જાણીતા લેખક ડિરેક્ટર મનોજ નથવાણીને ફિલ્મ રસિકો દ્વારા વારંવાર પ્રશ્ન પૂછાઈ રહ્યો છે કે, 'શું આ ફિલ્મ 'નમો' નરેન્દ્ર મોદી વિશેની છે ?' નરેન્દ્ર મોદીને 'મહાવીર' તરીકે બતાવી આપ ફિલ્મ બનાવી રહ્યા છો ? શું આ ફિલ્મ ચૂંટણી પ્રચારલક્ષી ફિલ્મ છે ?

નમો મહાવીર ફિલ્મ સાળંગપુરના કષ્ટભંજન દેવ હનુમાનજી ઉપર બનાવાઈ રહીછે. હનુમાનજીનું એક નામ 'મહાવીર' છે. 'નમો મહાવીર'ના ગીત રેકોર્ડિંગનો શુભારંભ યોગેશ ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદના તૃપ્તિ સ્ટુડિયોમાં કરવામાં આવ્યો છે. ફિલ્મમાં પાંચ ગીતો છે જેનો જાણીતા મ્યુઝિક ડિરેક્ટર પંકજ ભટ્ટ સ્વરબદ્ધ કરી રહ્યા છે. ફિલ્મ અંગે વધુ માહિતી આપતા પ્રસ્તુત કર્તા મહેશ શાહે જણાવ્યું છે કે, 'ફિલ્મ નો વિષય નવો અને અનોખો છે ફિલ્મ અમદાવાદ સાળંગપુર જેવા લોકેશનો ઉપર ફિલ્માવવામાં આવશે જે ડિસેમ્બરમાં થિયેટરોમાં રજૂ થશે.

વૃંદાવન વૃદ્ધાશ્રમ વરસોડામાં મફત રોગ નિવારણ કેમ્પ યોજાયો

વિકાસ ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય મંદિર વૃંદાવન વૃદ્ધાશ્રમ વરસોડા તા. માણસામાં ફ્રી રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંખની તપાસ, આંખના નંબરની તપાસ, રાહત દરે ચશ્મા વિતરણ, મોતીયાના તદન નિઃશુલ્ક ઑપરેશન, ડાયાબિટીસ તપાસ, શ્વાસ તેમજ અન્ય રોગોની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં માણસા તાલુકાના તમામ ગામોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

લાયોનેસ ક્લબ દ્વારા મગોડીના વૃદ્ધાશ્રમમાં વિવિધ વસ્તુઓનું વિતરણ

લાયોનેશ ક્લબ ગાંધીનગરના પ્રમુખ ઉષાબેન ગજજરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, લાયોનેશ ક્લબ ગાંધીનગરના સભ્યો દ્વારા તાજેતરમાં મગોડીના વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. મગોડી ગામના વૃદ્ધાશ્રમમાં લાયોનેશના સભ્યોએ મુલાકાત લીધી હતી. વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનું સભ્યો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ પ્રમુખ અરૂણાબેન ગજજર, નીતિકાબેન શાહ, સેક્રેટરી વૈશાલી જોષી, લાયોનેશ જ્યોતિકાબેન પંચાલ, દક્ષાબેન જાદવ અને અર્ચના દવે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વૃદ્ધાશ્રમના મુખ્ય વહીવટકર્તા નિર્મળાબેન તથા ટ્રસ્ટી ઝાલાભાઈ તરફથી લાયોનેશના સભ્યોને કાર્યક્રમના આયોજન માટે જરૂરી સહકાર મળ્યો હતો.

મિલકત વેરાની આકારણી સામે પ્રજામાં ભારે આક્રોશ

વેરાનાં બીલો સંદર્ભે પુનઃ વિચારણા કરવા જાગૃત નાગરિક પરિષદનો અનુરોધ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાએ પશ્ચાદવર્તી અસરથી એક સાથે બે વર્ષના મિલકત વેરાના બીલો જાહેર કરતાં લોકોમાં ભારે આક્રોશ અને અજંપાની લાગણી પ્રવર્તી રહી છે. ગાંધીનગર શહેરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓએ તેમજ પ્રબુદ્ધ નાગરિકોએ તીવ્ર આક્રોશની લાગણી વ્યકત કરી આ બાબતે પુનઃ વિચારણા કરવા સરકારના શહેરી વિકાસ મંત્રી અને મહાનગરપાલિકા તેમજ શહેરી વિકાસના અગ્ર સચિવને આવેદનપત્રો આપી અનુરોધ કર્યો છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ અને પ્રબુદ્ધ નાગરિકોએ વેરાના બીલો સંદર્ભે સ્પષ્ટ વિચારભેદ નક્કી કરી જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૧માં મહાનગરપાલિકાની કોઈ જ કામગીરી અસ્તિત્વમાં નહીં હોવા છતાંય તે વર્ષનું બીલ કેવી રીતે વસુલી શકાય? પાટનગરની જમીનની માલિકી મહાનગરપાલિકાની નહીં હોવાથી તેમજ મહાનગરપાલિકા પાસે ફકત નોટીફાઈડ એરીયા હસ્તકની કામગીરી સિવાય અન્ય કોઈ કામગીરી સોંપાઈ નથી તેમજ સફાઈની કામગીરી પણ સંતોષકારક રીતે અમલી બનાવી શકાઈ નથી ત્યારે સ્વચ્છતા અંગેના નાગરિકોને મોકલાયેલા બીલો કઈ રીતે વાજબી ગણાય!

બીન અનુભવી વ્યકિતઓ પાસે મિલકતની મોજણી કરાવી છે. પરીણામે બીલોમાં પારાવાર છબરડા વાળવામાં આવ્યા છે. કોમન વોલ ધરાવતા મકાનોને બંગલા કે ડુપ્લેક્ષની કેટેગરીમાં કેવી રીતે મુકી શકાય? આવા પ્રશ્નો સામાન્ય લોકોને અકળાવી રહ્યા છે. મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી સમયે 'ટેક્ષ હોલીડે' આપવાની અને શરૂઆતના વર્ષોમાં લોકો ઉપર ટેક્ષનો કોઈ નવો બોજો નહીં નાખવાની રાજકીય પક્ષોએ ખાતરી આપી હતી. સત્તા પરનો પક્ષ આ મહત્વની બાબત ભૂલી ગયો છે.

પાટનગરની જમીનના પ્લોટ પર સરકાર શિક્ષણ વેરો ઉઘરાવે છે. શિક્ષણની જવાબદારી મહાનગરપાલિકા હસ્તક નથી છતાંય મિલકત વેરાના બીલમાં શિક્ષણ કર પણ લગાવવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના નાગરિકોની સ્પષ્ટ માંગણી છે કે મિલકતની પુનઃ આકારણી કરવામાં આવે અને વેરાના માળખા અંગે લોકોને સમજણ આપવામાં આવે તે જરુરી છે. પ્રથમ મહાનગરપાલિકા દ્વારા લોકોને સેવાઓ પૂરી પાડવામાં આવે અને ત્યાર પછી જ વેરા અંગે વિચારણા કરવામાં આવે તે જરુરી છે. આશ્ચર્યજનક બાબત તો એ છે કે, વસાહતીઓને અગાઉથી નોટીસ આપ્યા વગર નોટીસ ચાર્જ વસુલવામાં આવ્યો છે તેમજ વસાહતીઓ સમયસર પૈસા ના ભરે તો અઢાર ટકા વ્યાજની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ જે વસાહતીઓ વેરો સમયસર ભરે તો તેમને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવું જોઈએ. જે હાલ બધી જ મહાનગરપાલિકાઓ આપે છે આ બાબતે બીલમાં જાહેરાત કરવામાં આવી નથી.

મિલકત વેરાના બીલો સામે અનેક દ્વિધાયુકત બાબતો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રજૂ થતાં સ્થાનિકજનો આ બાબતે ન્યાયિક માંગણી કરી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૪૮

તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૭ ટકા ● સાંજે ૮૮ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦
જૉકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫
જૉકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫
રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦
રીવાયત : ૮.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫
જૉકર : ૮.૧૫
: સ્ક્રીન-૩ :
રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,૯.૧૫
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
જૉકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

સૂર્યા, વાવોલ

રાઝ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ટોટલ રીકૉલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫
નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦
: સ્ક્રીન-૩ :
જૉકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

વિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ ગાંધીનગર દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે વ્યાખ્યાન.

ધાર્મિક

- અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે કેળના બગીચામાં બંગલો તથા ભોજન થાળી રાજભોગમાં.
- સિનિયર સીટીઝન મહિલા પાંખ દ્વારા વૈજનાથ મહાદેવ સે.-૨૧ ખાતે સાંજે ૪.૦૦ કલાકે ભજનનો કાર્યક્રમ.

આપની આજ

મેષ : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. જમીન-મકાન ખરીદી થઈ શકે છે. સ્થાયી સંપતિ મળવાનો યોગ બની રહ્યા છે. ગ્રાહકો સાથે મધુર સંબંધો બંધાશે.

વૃષભ : આપને આજે જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. વેપાર, કુટુંબમાં શુભ કાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ સર્જાઈ શકે છે.

મિથુન : રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ થવાની સંભાવના છે. વિશેષ ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

કર્ક : સંચિત ધનમાં વદ્ધિ થવાનો યોગ છે. ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ બની રહ્યો છે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

સિંહ : આજે તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થઈ શકે છે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારો આત્મવિશ્વાસ વધુ પ્રબળ બનશે.

કન્યા : કાર્યોમાં કરેલા અથાગ પ્રયત્નોથી આજે સફળતા પ્રાપ્ત થઈ શકશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે. વધુ પ્રયત્ન કરવો પડશે.

તુલા : કાર્યોમાં સમયને મહત્વ તરફ ધ્યાન ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે. મતતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

વૃશ્ચિક : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્યની સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના રહેલ છે. વિચારેલું કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે. વડીલવર્ગ તરફથી આપને સહયોગ, માર્ગદર્શન મળી રહેશે.

ધન : આપની આર્થિક ઉન્નતિમાં વધારો થઈ શકશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બની રહ્યો છે. મુશ્કેલી દુર થવાના એંધાણ દેખાશે. લાભદાયક સમાચાર મળશે.

મકર : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણાં પાછા મળી શકશે. અધિકારી તમારી કાર્ય પદ્ધતિથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાઓનું સમાધાન આવી શકશે.

કુંભ : કોઈ વિશિષ્ટ વ્યક્તિથી આપની મુલાકાત થઈ શકશે. કુટુંબની સાથે મનોરંજનની તક પણ પ્રાપ્ત થશે. વ્યર્થમાં સમય પસાર ન થાય તેની કાળજી રાખવી. વેપારમાં પ્રગતિ થશે.

મીન : આપની જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિમાં વધારો થશે. વેપાર સારો ચાલશે. અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી પ્રસન્નતા થશે. વિરોધીથી સાવધાન રહેવું.

ચિરવિદાય

- સ્વ. સંતોકબેન અંબાલાલ ઠાકોર (ઉ.વ.૪૩) મુ.પો. આમજા તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. રેણુકાબેન હર્ષદભાઈ વાઘેલા (ઉ.વ.૩૨) મુ.પો. ઈન્દ્રોડા તા., જિ. ગાંધીનગર.